**ક્રમાંક–૧૩**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**સોમવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

સોમવાર, તા.૧૬મી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ ૨ ને અતારાંકિત ગણવામાં આવ્યો.

રાજીનામા આપેલ સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતા ક્રમ–૧, ૧૦, ૬૬, ૯૯, ૧૪૧, ૧૯૭, ૨૨૫, ૨૬૨, ૨૯૨ અને ૩૦૮ રદ કરવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૦થી ૩૩૦ (પૈકી રદ થયા સિવાયના)ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ–૧૧૬) પ્રાઈવેટ ગોડાઉનમાંથી એફસી.આઇ.ના માર્કાવાળો અનાજનો જથ્થો મળી આવવાની બાબત –પ્રભારી સભ્યશ્રીઓ ગેરહાજર હોવાથી સૂચના હાથ ધરાઇ શકી નહીં.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળ**

નીચેનો કાગળ તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીએ સભાગૃહના મેજ ઉપર મૂક્યો.

ચૌદમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં તા.૨૩–૦૨–૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી નિરંજન પટેલના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૭૧૮(અગ્રતા ક્રમ–૧૧), તા.૨૬–૦૩–૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી રાજેન્દ્રસિંહ પરમારના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૯૫૧૧(અગ્રતા ક્રમ–૯૮) અને ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૨૭–૦૨–૨૦૨૦(બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી કાંતિભાઇ સોઢાપરમારના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૨૩૬૮૯(અગ્રતા ક્રમ–૭૪)ના અપાયેલ લેખિત જવાબોમાં સુધારા કરતું નિવેદન

**માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

**૪. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**માનનીય સભ્યશ્રીઓના રાજીનામા બાબત**

માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાના (૧) ૧૦૬–ગઢડાના ધારાસભ્યશ્રી પ્રવિણભાઇ ટીડાભાઇ મારૂ, (૨) ૧–અબડાસાના ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા, (૩) ૯૪–ધારીના ધારાસભ્યશ્રી જે.વી.કાકડીયા, (૪) ૬૧– લીંબડીના ધારાસભ્યશ્રી સોમાભાઇ ગાંડાલાલ કોળી પટેલે તા.૧૪–૦૩–૨૦૨૦ તથા (૫)૧૭૩–ડાંગના ધારાસભ્યશ્રી મંગળભાઇ ગંગાજીભાઇ ગાવિતના તા.૧૫–૦૩–૨૦૨૦ના ધારાસભ્યપદેથી આપેલા રાજીનામાની જાહેરાત કરી.

**૫. માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો**

**કોરોના વાયરસના કારણે સભાગૃહની બેઠક તા.૨૯–૦૩–૨૦૨૦ સુધી મુલતવી રાખવા અંગે**

સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોરોના વાયરસના ફેલાવાને મહામારી સાથે સરખાવી તેનાથી બચવા માટેની એડવાઇઝરી જાહેર કરેલ છે. જેના અનુસંધાને ભારત સરકારે અને ગુજરાત સરકારે પણ એડવાઇઝરી જાહેર કરેલ છે ત્યારે ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર પણ તા.૨૯–૦૩–૨૦૨૦ સુધી સ્થગિત રાખવાની દરખાસ્ત કરતાં, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે ગુજરાત સરકારે કોરોના વાયરસના ફેલાવાને અટકાવવા લીધેલા પગલાંની સભાગૃહને વિસ્તૃત જાણકારી આપતાં, વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ કોરોના વાયરસની ગંભીરતાની જાણકારી આપી, સભ્યશ્રી વિક્રમભાઇ માડમે પણ સભાગૃહની બેઠક સ્થગિત કરવાની દરખાસ્તમાં સૂર પૂરાવતાં, સભાગૃહના નેતાશ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્ય સરકારે લીધેલા અને લઇ રહેલા પગલાંની વિશદ્ જાણકારી આપી ચિંતાનું કોઇ કારણ ન હોવાનું જણાવ્યું. રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પણ રાજ્ય સરકારે કોરોના વાયરસના અનુસંધાને

પર્યાપ્ત પગલાં લીધેલ હોવાથી સભાગૃહની બેઠક મુલતવી રાખવી જરૂરી નથી તેમ જણાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ પણ કોરોના વાયરસના ફેલાવાને અટકાવવા માટે સરકારે પૂરતાં પગલાં લીધાં છે અને ગુજરાત વિધાનસભામાં પણ તેમના દ્વારા લેવાયેલ પગલાંની વિસ્તૃત જાણકારી આપી સભાગૃહની કાર્યવાહી નિશ્ચિત સમય સુધી ચાલુ રાખવાની જાહેરાત કરી.

**૬. સભાત્યાગ**

સભાગૃહની બેઠક સ્થગિત કરવાના સભ્યશ્રી શૈલેષભાઇ પરમારના પ્રસ્તાવનો અસ્વીકાર થતાં, વિપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં હાજર રહેલ તમામ વિપક્ષના સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો.

**૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)**

કર વસૂલાત ખર્ચ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)ને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૨, વીજળી શક્તિ પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૩, ઊર્જા વિભાગના માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે, ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪૯, ખાણ અને ખનીજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૫૦, ઉદ્યોગ અને ખાણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે તથા બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૭૫, બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે રજૂ કરી.

વિપક્ષના સભ્યશ્રીઓએ સભાત્યાગ કરેલ હોવાથી એકપણ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નહીં.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જગદીશ વિશ્વકર્મા
(૨) શ્રી બાબુભાઇ બોખીરીયા
(૩) શ્રી અરૂણસિંહ રણા
(૪) શ્રી ઋષિકેશ પટેલ
(૫) શ્રી રમણભાઇ પટેલ
(૬) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૭) શ્રી કનુભાઇ દેસાઇ

**વિરામ બપોરના ૨.૨૮ થી ૩.૦૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૮) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૯) શ્રી મુકેશભાઇ પટેલ
(૧૦) શ્રી પૂર્ણેશ મોદી
(૧૧) શ્રી હર્ષ સંઘવી

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે આપ્યો.

**૮. માનનીય અધ્યક્ષશ્રીનું સૂચન**

માનનીય અધ્યક્ષશ્રીએ લોકસભાના માનનીય અધ્યક્ષશ્રી ઓમ. બિરલા દ્વારા સ્પીકર કોન્ફરન્સ દરમિયાન કરેલ સૂચન અનુસાર ગુજરાત વિધાનસભામાં પણ માનનીય સભ્યશ્રીઓ તેમના મત વિસ્તારના દરરોજના ૫૦ પ્રશ્નોની અગાઉથી માનનીય અધ્યક્ષશ્રીને લેખિતમાં જાણ કરવાની રહેશે, આક્ષેપાત્મક પ્રશ્નો પૂછી શકાશે નહીં. પૂછવામાં આવેલ પ્રશ્નોમાંથી અગત્યના ૨૫ પ્રશ્નો તારવીને માનનીય મંત્રીશ્રીને પૂછવામાં આવશે, તેમના જવાબ તે સમયે આપવામાં આવશે નહીં અને માનનીય મંત્રીશ્રી તેની નોંધ કરશે તેવી જાહેરાત કરી.

**૯. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ માગણી ક્રમાંક-૧૨, ૧૩, ૪૯, ૫૦ અને ૭૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, મંગળવાર, તા. ૧૭મી માર્ચ ૨૦૨૦ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૪૩ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૬મી માર્ચ , ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**